## ગોદરેજ સિક્યોરીટી સોલ્યુશન્સે દેશની પ્રથમ

# ઈવ સીરીઝ નામની લેટેસ્ટ વાઈફાઈ અને બલ્ડ સીસી ટીવી લોન્ચ કરાયું



અમદાવાદ,તા.૫

ગોદરેજ સિક્યોરીટી સોલ્યુશન્સે 'ઈવ સિરીઝ' નામનું લેટેસ્ટ વાઈફાઈ અને બ્લડ સીસી ટીવી લોન્ચ કર્યું હતું.

આ અંગે માહિતી આપતા ગોદરેજ સીક્યુરીટી સોલ્યુશન્સના ગ્લોબલ હેડ (માર્કેટીંગ એન્ડ સેલ્સ) મેહેરનોશ પીઠાવાલાએ જણાવ્યું હતું કે, પ્રોડકટસની યુએસપી ઈવ એટલે કે ઈઝ બ્યુઈંગ એવરી વ્હેર ત્રણ વેરિએન્ટ ધરાવે છે. ઈવી મીની, ઈવીક્યુબ અને ઈવી પીટી.

ઈવીઈ સીરીઝ મકાન માલીકોમાં મોબાઈલ હેન્ડસેટ્સમાં વીડિયો સીધો સ્ટ્રીમ કરવા માટે સક્ષમ છે. દુનિયાભરમાં પોતાના પ્રિયજનોને જોવામાં મદદરૂપ થશે. ઈવી સિરીઝના સીસી ટીવી મોશન સેન્સિંગ ઉપર આધારિત ઓટો રેકોર્ડ ફંકશન સાથે સજ્જ છે. તેમાં પાસવર્ડ સીસ્ટમ છે, સાયબર ક્રાઈમનો ખતરો પણ નથી. વીજળી કે વાયરની પણ જરૂરત રહેતી નથી.

દુનિયામાં કોઈપણ સ્થળેથી સ્માર્ટ ફોન મારફતે પ્રિયજનો ઉપર નજર રહી શકે છે. મોબાઈલ હેન્ડસેટ પર વીડિયો સીધો સ્ટ્રીમ કરવા અને ફૂટેજનું ઓટો રેકોર્ડીંગ પણ કરી શકાશે.

સાથે-સાથે એલાર્મની સીસ્ટમ પણ લોન્ચ કરી રહ્યા છીએ સામાન્ય માણસને ધ્યાનમાં રાખીને આ બે વસ્તુ લોન્ચ કરાઈ છે. તેઓએ કહ્યું હતું કે, અમદાવાદ અમારા માટે અતિમહત્વપૂર્ણ બજાર છે.

**આ સીરીઝ મોબાઈલ હેન્ડસેટ્સમાં વીડિયો સીધો સ્ટ્રીમ કરવા સક્ષમ:પીઠાવાલા**